# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**
**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

**પીજીવીસીએલ/સીજીઆરએફ/૪૪/ક્વા-૨/૧૯- ૨૦/૫૬૪૪–૫** **તા.૨૭–૦૮–૧૯**

૨003 ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,**રાજકોટ**ના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૪૪/ક્વા-૨/૧૯-૨૦

અરજદાર: **જસાભાઈ રાણાભાઇ મક્કા ગામ: કરેણી**
રજૂઆત કરનાર: **અરજદાર વતી તેના પ્રતિનિધિ તરીકે પ્રવીણભાઈ જસાભાઈ મક્કા હાજર રહેલ છે.**

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી - કેશોદ
રજૂઆત કરનાર: કાર્યપાલક ઈજનેર શ્રી આર. જી. ગોવાણી પીજીવીસીએલ વિભાગીય કચેરી - કેશોદ

## :: કોરમ ::

૧) ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,
૨) મેમ્બર સ્વતંત્ર - કોકિલાબેન જે. મોટાણી

સુનાવણી સ્થળ: પીજીવીસીએલ, વર્તુળ કચેરી, જુનાગઢ
તારીખ: ૨૦-૦૮-૨૦૧૯ (મંગળવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૨૦-૦૮-૨૦૧૯ (મંગળવાર)ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં ઉપર મુજબ બંને પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદાર જસાભાઈ રાણાભાઇ મક્કા ગામ -કરેણી, તેઓની અરજીના નોંધણી નં: ૪૪/ક્વા-૨/૧૯- ૨૦, માં જણાવે છે કે, તેઓ કરણે ગામે ખેતીવાડી વીજજોડાણ જસાભાઈ રાણાભાઈ ના નામે વર્ષ–૨૦૧૮ મા મંજુર કરાયેલ – જેનો સર્વે નંબર ૨૭૫ છે. જયારે નજીક નો સર્વે નંબર ૨૮૭ મા ખેતીવાડી વીજજોડાણ ગ્રાહક નં. – ૮૦૨૦૩/૦૦૪૭૦/૧ માં – જુનુ વીજજોડાણ મીટર વગર નુ – શ્રી રાણાભાઈ કાનાભાઈ ના નામથી હાલ સ્થળ પર છે. પીજીવીસીએલ ના પત્ર નં.–૧૬–૦૫–૧૯ થી નવુ ખેતીવાડી વીજજોડાણ ના મંજુર કરતા, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ અરજદાર ની રજૂઆત અન્વયે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે - કેશોદ ગ્રામ્ય-૧ (આર.ઈ.) વિભાગ હેઠળના કણેરી ગામે ખેતી વિષયક વીજ જોડાણ માટેની શ્રી મક્કા જેસાભાઈ રાણાભાઇની સર્વે નંબર ૨૭૫ની અરજી (તા.

૧૯.૦૬.૨૦૧૮) અન્વયે સ્થાનિક કચેરી દ્વારા મોજણી કાર્ય હાથ ધરતા તા. ૦૪.૦૫.૨૦૧૯ના રોજ એ જ સર્વે નંબરમાં શ્રી રાણાભાઇ કાનાભાઈના નામનું મોજણી કરનારને હયાત વીજજોડાણ માલુમ પડતા સ્થાનિક કચેરી દ્વારા અરજદાર પાસેથી જરૂરી દસ્તાવેજોની માંગણી કરવામાં આવેલ જે મુજબ અરજદારના તથા તેમના વારસદારોના એક કરતા વધારે ખેતરો બાજુબાજુમાં હોય તેમજ તેમનું હયાત વીજજોડાણનો સર્વે નંબર ખરાઈ કરવા માટે સ્થાનિક કચેરી દ્વારા વારંવાર પત્રવ્યવહાર/રૂબરૂ સમજાવા આમ છતાં યોગ્ય નિરાકરણ ન આવવાથી અરજદાર દ્વારા ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં રજૂઆત કરેલ.

૩.૧ સદર અરજદારની અરજી મુજબ સ્થાનિક કચેરી દ્વારા તા. ૦૭.૦૮.૨૦૧૯ના રોજ સ્થળ તપાસ કરતા ગ્રાહકના અધિકૃત પ્રતિનિધિને સાથે રાખી તેમજ સ્થળ રોજકામ કરી મોજણી કાર્ય હાથ ધરતા માલુમ પડેલ કે અરજદારની અરજી મુજબના સર્વે નંબર (૨૭૫)માં કોઈપણ જાતનું ખેતી વિષયક વીજજોડાણ ચાલુ નથી. આથી સ્થાનિક કચેરી દ્વારા ઓફીસ રેકર્ડ ખરાઈ કરી અરજદારની અરજી મુજબ મોજણી કરી જરૂરી તાંત્રિક મંજૂરી મેળવી અરજદારને સ્થાનિક કચેરી પત્રાંક નં. ૪૧૭૭ તા.૧૩.૦૮.૨૦૧૯ થી નિયત ભાવપત્રક પાઠવવામાં આવેલ છે જે ભરપાઈ થયે આગળની કાર્યવાહી નિયમાનુસાર હાથ ધરવામાં આવશે જે સંબંધિત સ્થાનિક કચેરી દ્વારા અરજદારને પત્ર થી જાણ કરવામાં આવેલ છે.

૩.૨ ઉપરોકત બાબતે – અરજદારની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ થયેલ હોય, અરજદારે તેઓની સહી વાળુ લેખીત સમાધાનપત્ર તા.૨૬–૦૮–૧૯ થી પીજીવીસીએલ સમક્ષ રજુ કરેલ છે.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખીત રજુઆત તથા સામાવાળાની રજુઆત અને રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી તરફથી નીચે મુજબ નો નિર્ણય કરાયેલ છે.

૪.૧ પેરા નં ૨.૦, ૩.૦ થી ૩.૨ માં જણાવ્યા મુજબ- પીજીવીસીએલ દ્વારા જરૂરી ભાવપત્રક તા.૧૩–૦૮–૧૯ થી ભાવપત્રક અપાયેલ હોય, તે બાબતે અરજદાર દ્વારા તા.૨૬–૦૮–૧૯ થી લેખીત સંમતીપત્ર પીજીવીસીએલ સમક્ષ રજુ કરેલ હોય, તે મુજબ અરજદારને સદર બાબતે ફરીયાદ રહેતી નથી.

૪.૨ આમ, ફોરમ કમિટી કક્ષાએથી કઈ કરવાનું રહેતું ન હોય, અરજદારની સદર ફરિયાદ દફતરે કરવામાં આવે છે.

૪.૩ અરજદાર ની ફરીયાદ નો આ તબ્બકે નિકાલ કરવામા આવે છે.

| | |
|---|---|
| (શ્રીમતી કે. જે. મોટાણી) | (જે.બી.પારેખ) |
| સભ્ય (સ્વતંત્ર) | ચેરપર્સન |